સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

જાદુઈ જપ્પી લઈ વિશ્વના નેતાઓને ભેટે છે,
બધા ચાલે ચાણક્ય ચાલ, જેવા ને તેવા ભેટે છે,
ભેટી જાય છે, ચીન-પાકિસ્તાન જેવા માથાં ભારે -
ત્રિભેટે વિદેશનીતિ, ટ્રંપ જેવા સાથી ભેટે છે...
(વિશ્વનેતાઓની દંભી દોસ્તી)

હાઈકુ

ભરાતાં નથી,
સાડી-સાલથી પેટ,
સીમા ભૂખ્યાં નાં...
(મૈત્રી માટે હવાતિયાં -)

ગૂલાંટ બાજો
સ્વ-પક્ષનું નામે ય
જાય છે ભૂલી!!
(પોતે કયા પક્ષમાં છે?!)

ચિંતન

વિજ્ઞાતે સાક્ષીપુરુષે પરમાત્મનિ ચ ઈશ્વરે ।
નૈરાશ્યે બન્ધમોક્ષે ચ ન ચિંતા મુક્યતે મમ ॥

ઉપરોક્ત શ્લોક માંડુક્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

સાક્ષીપુરુષ, પરમાત્મા, ઈશ્વર, આશારહિતતા અને બંધનોમાંથી મુક્તિને જાણી લીધા પછી હવે મને મુક્તિની પણ ચિંતા નથી.

સાક્ષી પુરુષ એટલે કે અંતરાત્મા, આત્મતત્વ; જીવાત્મા કે ચૈતન્યપુરુષ, પરમાત્મા એટલે પરમત્તત્વ, અક્ષરત્તત્વ, પરમ સત્ય, એક વિરાટ ઉર્જા, અને ઈશ્વર કે એ જ પરમ તત્ત્વનું સૃષ્ટિ સર્જનાર અને સંચાલન કરનારું સ્વરુપ. જનક રાજા કહે છે કે મેં આ બધાંને જાણી લીધાં છે. પરિણામે કંઈ જ બંએધનો થતાં નથી, એટલે બંધનમાંથી મુક્તિ જ છે. આમ આ બધું તત્ત્વત્તઃ જાણીને હવે મુક્તિની પણ ચિંતા નથી, કારણ કે જે છે એ મુક્તિ જ છે, મોક્ષ જ છે.

સુવિચાર

- આખા આકાશનું માપ કાઢવાની જરૂર શી છે ? પોતાની પાંખનો વિચાર કરવો શું વધુ વ્યાજબી નથી? - **ગોઈટે**
- જો સજાગ ન રહીએ તો કુસંસ્કારને મનમાં દાખલ થવામાં એક ક્ષણ માત્ર બસ થઈ પડે છે - **ચિત્રભાનુ**
- આ જગતમાં આપણે કર્તા નથી બનવાનું નિમિત્ત બનવાનું છે - **દાદા ભગવાન**
- ત્રણ જાતના કાયદાના ભંગ દુનિયામાં ચાલી રહયા છે : (૧) સામાજિક કાયદાનો ભંગ, (૨) કુદરતના કાયદાનો ભંગ અને (૩) પ્રભુના કાયદાનો ભંગ - **મોરારિ બાપુ**
- માણસ પણ કેવું જટિલ પ્રાણી છે, તે રણમાં પાણી ભરવા માંગે છે ને સરોવરને સુકવવા માંગે છે - **ઓશો**
- હૃદયની શાંતિ શરીરનું જીવન છે, પણ ઈર્ષ્યા હાડકાંનો સડો છે - **બાઈબલ**
- આજનું ઔષધ : અતિસાર થઈ જાય તો દર્દીની ડૂંટી ઉપર આદુનો રસ લગાવાથી તરત રાહટ થાય છે

(સંકલન : દિપક વી. માશરા)

બોધકથા

ભિખાઈજી કામા એવા વિરલ વિરાંગના. તેઓ જનસેવા અને રાષ્ટ્રભક્તિનો સરવાળો હતા. એમના વકતવ્યો સાંભળવા લોકો આતુર હતા. એમના વિચારો મડદામાં પણ પ્રાણ પૂરનારા હતા.

ઈજિપ્તની એક સભામાં એમનું વકતવ્ય હતું અને આખું મેદાન ખીચોખીચ ભરાઈ ગયું હતું. નવાઈની વાત એ હતી કે આ સભામાં મેડમ કામાને સાંભળવા આવનાર પુરુષો જ હતા. એક પણ સ્ત્રી નહોતી. મેડમ કામાએ આયોજકોને પૂછ્યું, 'આ સભામાં કેમ એક પણ સ્ત્રીની હાજરી નથી.' આયોજકોએ કહ્યું, 'અહીં સ્ત્રીઓની વળી શી જરૂર છે. ખરું પૂછો તો સ્ત્રીઓને આવા ભાષણો તથા રાજકારણ ક્ષેત્રમાં રસ પણ ન હોય...' મેડમ કામાએ કહ્યું, 'કેમ? તમે સૌ પુરુષો એક સ્ત્રીને જ સાંભળવા આવ્યા છો ને ??' આગળ મેડમે કહ્યું, 'ભાઈઓ, સ્ત્રીઓને કોઈ પણ ક્ષેત્રમાં બાકાત ના રાખો, સ્ત્રીઓમાં પણ અખૂટ શક્તિ અને નવા વિચારોની અખૂટ શક્યતાઓ હોય છે. તેમને પણ સમાજ અને રાષ્ટ્રના ઘડતર અને વિકાસમાં ફાળો આપવાનું આમંત્રણ અપાવું જ જોઈએ. સ્ત્રીને શક્તિહીન તથા અબળા સમજશો ત્યાં સુધી તમે આગળ નહીં વધી શકો.'

આયોજકો મેડમ કામાની તેજાબી વાણી સાંભળી નીચી મૂડી કરી રહ્યા.

દેકારા-પડકારોમાં મુદ્દા ખોવાયા

તંત્રીસ્થાનેથી...

ત્રણ યુવા નેતાઓ પૈકી એક માત્ર હાર્દિક પટેલ ચૂંટણીમાં સીધા પ્રતિસ્પર્ધી નથી, એ ઘણું સૂચક છે. કદાચ એનું એક કારણ એમની ઉંમર પણ હોઈ શકે. પરંતુ એ બાકીના બે યુવા નેતાઓની સરખામણીમાં વધારે પરિપક્વ લાગી રહ્યા છે. રાજકોટમાં એમને ચૂંટણીના જ દિવસોમાં મળી રહેલ પ્રતિસાદ એ વાતનો પુરાવો છે કે હાર્દિક પટેલ એમની સામેની તમામ પ્રતિકૂળતાઓ અને પડકારોને ઓવરટેક કરવાની ક્ષમતા કેળવી ચૂક્યા છે. એમણે પાટીદાર સમાજને પોતાનું વજૂદ દર્શાવી દેવાની હાકલ કરી છે. આ હાકલ અલબત્ત સ્પષ્ટપણે જ્ઞાતિવાદના રંગે રંગાયેલી છે પરંતુ હાર્દિક જે રીતે બુલંદ સ્વરે સમાજને નિર્ણાયક તબક્કે એની તાકાત દેખાડી દેવા અપીલ કરી રહ્યા છે એમાં ક્યાંક સરદાર પટેલના 'ડીએનએ'ની ઝલક પણ વરતાય છે. સરદાર પટેલે ખેડૂતોને સંબોધતાં જે વેણ ઉચ્ચારેલાં તે યાદ આવી જાય : 'આ જગતમાં જો કોઈને છાતી કાઢીને ફરવાનો હક હોય તો તે ફક્ત ખેડૂતને જ હોવો જોઈએ.' એ પરસેવો પાડીને કણમાંથી મણ પેદા કરી બાકીનાં બધાની ભૂખ ભાંગે છે. હાર્દિકે કોઈને કોઈની પણ શેહમાં આવ્યા વગર ભાજપની વિરુદ્ધ મતદાન કરવાની અપીલ કરીને પાટીદાર સમાજને એક વાર પોતે આ કે તે પાર્ટીને સત્તા પર બેસાડી શકે છે તેમ સમય આવ્યે ઉઠાડી પણ શકે છે - એની ખાતરી કરાવવાની આ ચૂંટણી સોનેરી તક હોવાનું જણાવી એમનું વલણ સ્પષ્ટ કરી દીધું છે. રાહુલ ગાંધીએ ખેડૂતોનાં દેવાં કોંગ્રેસની સરકાર આવે તો દસ જ દિવસોમાં માફ કરવાનું વચન આપ્યું છે. આમ ખેડૂતોના હામી તરીકે ઊપસી રહેલ કોંગ્રેસને એની સાથે જોડાયેલા ત્રણ યુવા નેતાઓ પૈકી હાર્દિક કદાચ સૌથી વધુ મદદરુપ નીવડી શકે એમ છે અને જો કોંગ્રેસને બહુમતી મળે તો એની પાસે વટપૂર્વક પોતાની માગણીઓ સ્વીકારાઈ શકે એમ છે. ઠાકોર ક્ષત્રિય સેનાના નેતા અલ્પેશ ઠાકોર કોંગ્રેસ માટે અસ્કામતની જગ્યાએ જવાબદારી બની ગયા છે. એમણે પોતે ઉમેદવારી કરી એથી એમના જ સમાજમાં એ અળખામણા બની ગયા છે. એમણે પિતા માટે વિરમગામ અને પોતાના માટે સિદ્ધપુર બેઠકનું પાકું કરી લીધા પછી એમને પ્રજાકીય તેમ જ કોંગ્રેસ પાર્ટીની અનુકૂળતા મુજબ રાધનપુર બેઠક અપાઈ ત્યાં પણ ભારે વિરોધનો સામનો કરવો પડ્યો છે. ઠાકોર ક્ષત્રિય સેનાના કાર્યકરોને ફાળવાયેલી બેઠકો કોંગર્સ માટે શિરોવેદના સર્જનારી સાબિત થઈ છે. એ જ રીતે જિગ્નેશ મેવાણીને વડગામની બેઠક આપવા માટે કોંગ્રેસે એના સિટીંગ ધારાસભ્યને ઈડરની અસલામત બેઠક પર ખસેડવા પડ્યા છે. મેવાણીને વડગામ સલામત બેઠકમાં પણ કોંગ્રેસના સ્થાનિક કાર્યકર્તાઓનો ભારે વિરોધ સહન કરવો પડશે જેથી બનવાજોગ કે ત્યાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર માટે મેદાન ચોખ્ખું થઈ જાય. પાર્ટી બહારના સંગઠનોમાં એક માત્ર છોટુ વસાવાની ટ્રાયબલ પાર્ટી જ ખરા અર્થમાં કોંગ્રેસને સહાયક બની રહી છે. યુવા ત્રિપુટી પૈકી હાર્દિક પટેલની અપીલથી પણ કોંગ્રેસને ફાયદો થઈ શકે એમ છે પણ છેલ્લી ઘડીએ પોતાના ઉમેદવારો ઉપરાંત જાતે મેદાનમાં ઊતરનારા બીજા બે સામાજિક નેતાઓને કારણે કોંગ્રેસને ખુદ પોતાની જ સલામત બેઠકો ગુમાવવી પડે એવી સ્થિતિ સરજાઈ છે. જિગ્નેશ મેવાણીએ અપક્ષ ઉમેદવારી કરી કોંગ્રેસને પોતાની તરફેણ કરવા સહમત કરી છે, એ જ કોંગ્રેસના નૈતિક બળની નબળાઈનો પુરાવો નથી શું ? અલબત્ત ભાજપને એના જૂના જોગીઓ અને મધુ શ્રીવાસ્તવ જેવા દબંગ નેતાઓની દાદાગીરી સામે ઝૂકવું પડ્યું છે તે બાબત પણ એટલી જ સૂચક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પાસે નહેરુ-ગાંધી પરિવાર વિરુદ્ધ મનઘડંત ગતકડાં વહેતાં કરવા સિવાય અને પોતે જ દેશના તારણહાર હોવાની બડાશ સિવાય બીજા મુદ્દા જ નથી બચ્યા, એવું ચિત્ર સરજાઈ રહ્યું છે. એમની બૉડી લેન્ગ્વેજ બદલાઈ ગઈ છે અને અપ્રસ્તુત મુદ્દાઓ વચ્ચે વિકાસ જેવો ખરો મુદ્દો ખોવાઈ ગયો છે.

પ્રયત્ન, પરીક્ષા, પરિણામ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

પોતાની નજર સામે કામદેવ બળી ગયો. પાર્વતીને પોતાની ભૂલ સમજાઈ. 'શિવને મેળવવા હોય, તો રૂપની નહિ, તપની જરૂર છે' - એને ખાતરી થઈ ગઈ. પોતાની માતા મેનાને તપશ્ચર્યાનો નિર્ણય જણાવ્યો. માતાએ અટકાવવાની કોશિશ કરી. પણ પોતે અડગ હતી. પોતાનો નિર્મય પિતા હિમાલયને પેતોની સખી દ્વારા મોકલ્યો.

જે શિખર ઉપર એમે તપશ્ચર્યા શરુ કરી, એ શિખર ગૌરી શિખર તરીકે ઓળકાવા લાગ્યું. પોતાની પર્ણકુટિ હતી; પરંતુ રાત્રે હાથનું ઓશિકું કરીને શિલા ઉપર સૂઈ રહેતી. ઉનાળાની બપોરે ચાર દિશામાં અગ્નિ પ્રગટાવે અને સૂર્ય સામે દૃષ્ટિ રાખે. ચોમાસામાં ધ્યાનસ્થ બેઠી હોય, વરસાદની ધારાઓ મસ્તકેથી શરૂ કરીને ચરણો પાસે વેરાઈ જાય. શિયાળામાં ગંગાપ્રવાહમાં રાત્રે ઊભી રહે. તપની ઉગ્રતા જોઈને આશ્રમવાસીઓ બોલી ઊઠ્યા. 'ઉ.મા. આહારમાં પણ એને નિયમન કર્યું. હવે તો નીચે પડતાં કૂમડાં પાંદડાં પણ ખાવાનાં બંધ કર્યા. લોકોએ નામ પાડ્યું - 'અર્પણા.'

એકવાર કોઈ શુભ ઘડીએ પાર્વતીની પર્ણકુટિમાં કોઈ કિશોરવયના બ્રહ્મચારીએ પ્રવેશ કર્યો. પાર્વતીએ જાતે એનો સત્કાર કર્યો અને અતિથિ પૂજા કરી. બ્રહ્મચારીએ આ અતિતિ સત્કારથી સંતોષ વ્યક્ત કર્યો. એણે કુતૂહલ પ્રગટ કર્યું - 'તપસ્વીઓને પણ આશ્ચર્ય થાય, એવી આ કઠિન તપશ્ચર્યાનું કારણ શું છે?' સંકોચને કારણે પાર્વતી સીધો ઉત્તર આપી ન શકી. એણે સખી સામે જોયું. સખીએ સ્પષ્ટતા કરી. 'એ શિવજીએ પતિ સ્વરુપે વરવા ઈચ્છે છે.' બ્રહ્મચારીએ પાર્વતીને પૂછીને, ખાતરી કરી લીધી કે સખીએ કહ્યું છે; તે સાચું છે.

આથી હવે તેણે પાર્વતીને કહ્યું, 'હું તારા નિર્ણયનું સમર્થન કરતો નથી. કારણ કે -

(૧) શિવને અમંગળનું આચરણ કરવું ગમે છે. (૨) મંગળસૂત્રથી બંધાયેલો તારો હાથ, સર્પથી વીંટળાયેલા હાથમાં પડશે ? (૩) તારું પાનેતર કલહંસના ચિત્રથી શોભતું હોય, એ લોહીનાં બિંદુઓ ટપકતાં હોય તેવા ગજચર્મ સાથે બંધાશે? (૪) અળતાંથી રંગાયેલા તારા સુંદર ચરણો સ્મશાનની રાખમાં પડશે ? (૫) તારા અંગ ઉપરના હરિચંદનનો લેપ ચિતાની ભસ્મથી ખરડાઈ જશે ? (૬) તને ગજરાજની સવારી શોભે, એને બદલે તું ઘરડા આખલા પર બેઠેલી હોઈશ, તો લોકો મશ્કરી કરશે. (૭) ત્રણ આંખો વાળું વિકૃત શરીર, જન્મની કોઈ માહિતી નહીં, સંપત્તિમાં વસ્ત્ર પણ નહિ - તે આનામાં જોયું છે શું ? (૮) તારો નિર્ણય અયોગ્ય છે, અનિષ્ટ છે.

પાર્વતીને આ સાંભળીને ક્રોધ તો થયો જ, એણે શિવની મહત્તા પ્રસ્થાપિત કરી દીધી અને સંભળાવી દીધું. 'એ જેવા છે, તેવા ભલે રહ્યા. હવે વાદવિવાદ બંધ કરી દે.' પછી તેણે સખીને કહ્યું, 'આને દૂર કરી દે. મહાપુરુષોની નિંદા કરવી, એ તો ખરાબ છે જ. પણ સાંભળવી એ એનાથી વધુ ખરાબ છે. એ પાપ મોટું છે.'

'અથવા તો હું જ અહીંથી જતી રહું.' એમ બોલીને પાર્તવીએ જવા માટે પગ ઉપાડ્યો. ત્યાં જ બ્રહ્મચારી પોતાના અસલ શિવસ્વરુપમાં પ્રગટ થયો. એણે પાર્વતીનો છેડો પકડ્યો. પાર્વતી હર્ષ, વિસ્મય અને લજ્જાથી ન જઈ શકી, ન ઊભી શકી.

ભારતીય રીઝર્વ બેન્કની સ્થાપના કઈ સાલમાં થઈ હતી?

ભારતીય અર્થવ્યવસ્થા

૧ નેશનલ હાઉસિંગ બેન્ક NBH ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી. ?
(અ) ઈ.સ. ૧૯૮૫ (બ) ઈ.સ. ૧૯૮૮
(ક) ઈ.સ. ૧૯૯૦ (ડ) ઈ.સ. ૧૯૯૨

૨ 'કામના બદલે અનાજ' યોજનાનો પ્રથમ પ્રારંભ કયા રાજયે કર્યો હતો?
(અ) રાજસ્થાન (બ) કર્ણાટક
(ક) તમિલનાડુ (ડ) આંધ્રપ્રદેશ

૩ ૧૫ ઓગસ્ટ ૧૯૯૫માં નીચેનામાંથી કઈ યોજના શરૂ થઈ હતી?
(અ) મધ્યાહન ભોજન યોજના (બ) અંત્યોદય યોજના
(ક) ઈંદિરા આવાસ યોજના (ડ) સ્વર્ણીમ રોજગાર યોજના

૪ ભારતીય રીઝર્વ બેન્કની સ્થાપના કઈ સાલમાં થઈ હતી ?
(અ) ૧૯૩૦ (બ) ૧૯૩૫
(ક) ૧૯૪૦ (ડ) ૧૯૪૫

૫ રાજ્ય સ્તરે માનવ વિકાસ સૂચકાંક જાહેર કરનાર પ્રથમ રાજય કયું છે ?
(અ) મહારાષ્ટ્ર (બ) ગુજરાત
(ક) મધ્યપ્રદેશ (ડ) કર્ણાટક

૬ નોન જ્યુડીશિયલ સ્ટેમ્પ પેપરનું પ્રિન્ટીંગ કયાં થાય છે ?
(અ) નાસિક (બ) હોશંગાબાદ
(ક) પુના (ડ) લખનૌ

૭ સમજૌતા એક્સપ્રેસ કયા બે સ્થળો વચ્ચે શરૂ કરવામાં આવી હતી ?
(અ) લાહોર-અટારી (બ) લાહોર-ચંડીગઢ
(ક) ઈસ્લામાબાદ - અટારી (ડ) ઈસ્લામાબાદ ચંડીગઢ

૮ ઈન્ડિયમ એરલાયન્સનું મુખ્યાલય કયાં આવેલું છે?
(અ) મુંબઈ (બ) કોલકાત્તા
(ક) ચેન્નાઈ (ડ) દિલ્હી

૯ ભારતમાં પ્રથમવાર મોબાઈલ સેવાની શરુઆત ક્યારે થઈ હતી ?
(અ) ૨૨ ઓગસ્ટ, ૧૯૮૪ (બ) ૨૨ ઓગસ્ટ, ૧૯૯૫
(ક) ૧૫ ઓગસ્ટ, ૧૯૯૫ (ડ) ૧૫ ઓગસ્ટ, ૧૯૯૪

૧૦ ભારતમાં મોબાઈલ પર સૌ પ્રથમ વાતચીત તે વખતના સંચારમંત્રી સુખરામે કોની સાથે કરી હતી ?
(અ) લાલુ પ્રસાદ યાદવ (બ) શરદ પવાર
(ક) જયોતિ બસુ (ડ) સુંદરલાલ પટવા

૧૧ પ્રથમ નાણાપંચના અધ્યક્ષ કોણ હતા ?
(અ) એચ. એમ. પટેલ (બ) કે.સી. નિયોગી
(ક) અજય નારાયણ ઝા (ડ) આર. કે ષણમુખમ્

૧૨ ભારતમાં પ્રથમવાર રૂપિયાનું અવમૂલ્યન ક્યારે કરવામાં આવ્યું હતું ?
(અ) સપ્ટેમ્બર, ૧૯૪૯ (બ) ડિસેમ્બર, ૧૯૫૦
(ક) જાન્યુઆરી, ૧૯૫૧ (ડ) માર્ચ, ૧૯૫૧

૧૩ શંકરલાલ ગુરુ સમિતિ શાને લગતી છે ?
(અ) ડેરી ઉદ્યોગ (બ) ગૃહ ઉદ્યોગ
(ક) ખાદી ઉદ્યોગ (ડ) કૃષિ બજાર

૧૪ ભારતમાં માહિતી અધિકાર અધિનિયમ ક્યારથી અમલમાં આવ્યો ?
(અ) ૧૨ ઑકટોબર, ૨૦૦૫ (બ) ૧૨ ઑકટોબર ૨૦૦૬
(ક) ૩૦ જાન્યુઆરી, ૨૦૦૫ (ડ) ૩૦ જાન્યુઆરી, ૨૦૦૬

૧૫ ભારતના કયા રાજયમાં રેલવે લાઈન નથી ?
(અ) કાશ્મીર (બ) અરુણાચલ પ્રદેશ
(ક) મેઘાલય (ડ) નાગાલેન્ડ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા મહાનુભાવોના જન્મ દિવસ

- **૧ ડિસેમ્બર ૧૮૮૫ : કાકાસાહેબ કાલેલકર :** મહારાષ્ટ્રના સતારામાં જન્મ. મૂળ અટક રાજાધ્યક્ષી હતી. પરંતુ તેમનું ગામનું નામ કાલેલી હોવાથી કાલેલકર તરીકે ઓળખાયા. વડોદરામાં અધ્યાપક તરીકે અને ગુજરાત વિદ્યાપીઠમાં કુલનાયક તરીકે સેવા આપી. જન્મે મરાઠી છતાં ગુજરાતી ભાષા પર પ્રભુત્વ હતું. ગાંધીજી તેમને 'સવાઈ ગુજરાતી' કહીને નવાજ્યા. નદીઓને 'લોકમાતા' ગણાવી ગૌરવ વધાર્યું. સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું.
- **૨ ડિસેમ્બર ૧૮૮૭ : વિઠ્ઠલ લક્ષ્મણ ફડકે :** 'અવધૂત' મામા સાહેબ ફડકે શિક્ષકોમાં 'ઠાવકા' વિદ્યાર્થી ગણાતા. સ્વદેશી, અંગ્રેજોનો બહિષ્કાર, રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર કરતા. ગુરુની શોધમાં ત્રણ વર્ષ ગિરનારમાં સાધનામાં પસાર કર્યા. ગાંધીજીની પ્રેરણાથી ગોધરામાં આશ્રમ શરૂ કર્યો. સ્પષ્ટ વક્તા અને તીખા ભાષણો માટે જાણીતા હતા.
- **૩ ડિસેમ્બર ૧૮૮૪ : ડૉ. રાજેન્દ્ર પ્રસાદ :** સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ. બિહારમાં જન્મ થયો. બી.એ. એલ. એલ. બની પરીક્ષા પાસ કરી વકીલાત શરૂ કરી. ગાંધીજીની વિચાર સરણીથી પ્રભાવિત થઈ કોંગ્રેસમાં જોડાયા. પ્રમુખ તરીકે ત્રણવાર જવાબદારી વહન કરી. 'બિહારનાં ગાંધી' નામથી સંબોધન થતું. ૧૯૬૩માં નિધન થયું.
- **૪ ડિસેમ્બર ૧૭૭૫ : થોમસ કાર્લાઈલ :** સ્કોટલેન્ડના વતની અને વિશ્વ પ્રસિદ્ધ ઈતિહાસકાર. 'ફ્રાન્સની ક્રાંતિ' પુસ્તકથી પ્રસિદ્ધ થયા. તત્ત્વજ્ઞાની અને સંતવાણીથી જનમાનસમાં સ્થાન પ્રાપ્ત કર્યું. ૧૮૮૧માં અવસાન થયું.
- **૬ ડિસેમ્બર ૧૮૨૩ : મેક્સ મુલર :** જર્મનીના જન્મ થયો. ભારતીય તત્ત્વજ્ઞાનના યુરોપીયન અભ્યાસુ. સંસ્કૃતમાં રસ પડતાં વીસ વર્ષની વયે હિતોપદેશનો અનુવાદ પ્રગટ કર્યો. ભારતને પોતાનું આધ્યાત્મિક વતન માન્યું. ભારતની મુલાકાત લેવાની તેમની ઈચ્છા પુરી ન થઈ. ૧૯૯૦માં તેમનું અવસાન થયું.
- **૭ ડિસેમ્બર ૧૮૭૭ : ભોગીલાલ કાકા 'લાલા કાકા' :** આજના અમદાવાદની સાંસ્કૃતિક પરંપરાના મશાલચી. અમદાવાદમાં જન્મ થયો હતો. અસહકારની ચળવળથી શરુ કરી ગુજરાતની રાજયની સ્થાપના થઈ ત્યાં સુધીમાં ચાલીસ વર્ષ સુધી જનસેવા અને રાષ્ટ્રસેવા કાર્યો કર્યા. 'લાલા કાકા' નું વિરુદ્ધ પામ્યા. ૧૯૫૧માં અવસાન થુયં.

ગત સપ્તાહના સવાલનો જવાબ

ગુજરાતના જાણીતા રંગભૂમિના કલાકાર, નિર્દેશક અને નિર્માતા એવા કયા મહાનુભાવનું તાજેતરમાં અવસાન થયું?

જવાબ : નિમેષ દેસાઈ

ખજાનો
અનિલ પટેલ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૨) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૬
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨
(૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬
(૬) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

હાલમાં ગુજરાતના મુખ્ય ચૂંટણી કમિશનર કોણ છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

તમે પૂતનાનો ઓળખો છો?

રંગ-ઉમંગ
કાનન ઓઝા

ગોકુળમાં બાળકૃષ્ણ ઉછરી રહ્યા છે. એ ખબર કંસને મળ્યા. તે ઘબરાઈ ગયો. તેણે શ્રીકૃષ્ણનો વધ કરવા માટે પ્રયત્ન શરૂ કર્યો. તેનાં દુષ્ટ સાથીઓને શ્રીકૃષ્ણનો વધ કરવા માટે મોકલ્યા. એમાં એક હતી પૂતના.

પૂતના સંતાતી-સંતાતી ગોકુળમાં પહોંચી એણે બાળકૃષ્ણને જોયો. બાળકૃષ્ણને એકલો જોઈ એને ખૂબ આનંદ થયો. નાના કૃષ્ણને ઉઠાવી છાતી સરસો ચાપ્યો. પોતાનું દૂધ પીવડાવવાનું શરુ કર્યું. હકીકતમાં તે દૂધ નહીં, વિષ હતું. થોડી જ ક્ષણોમાં બાળકૃષ્ણ આ દુનિયા છોડી ચાલ્યા જશે એવો પૂતનાનો પૂરો વિશ્વાસ હતો. પરંતુ વાત બની એથી ઉલટી. બાળકૃષ્ણે પૂતનાને જ આ સંસારમાંથી વિદાય કરી દીધી.

પરંતુ, આજના નાના બાળકૃષ્ણ પૂતનાને જાણે કે ઓળખે છે ખરા ? નાનાઓની વાત છોડી દઈએ, મોટા-મોટા લોકો, પણ આજની પૂતનાને ઓળખી શકતા નથી. ઘેર-ઘેર યશોદા, દેવકી, નંદ, વસુદેવ આજની પૂતનાને યોગ્ય રીતે સમજી નથી શક્યા એ કેવું દુર્ભાગ્ય અને કેવી વિડંબના છે!

શ્રીકૃષ્ણને મારવા માટે એક જ પૂતના આવી હતી. પરંતુ આજે સેંકડો પૂતના છે. આ પૂતનાએ ઘર-ઘરમાં પ્રવેશ કરી લીધો છે. પૂતના તો સંતાઈ સંતાઈને આવી હતી. પરંતુ આજની પૂતના ધોળા દિવસે ખુલ્લેઆમ ઘરમાં પ્રવેશી આરામથી રહે છે. લોકો તેને સામેથી બોલાવી - બોલાવીને આમંત્રણ આપીને પોતાના ઘરે લઈ જઈ રહ્યા છે. આ પૂતના માત્ર દૂધ જ નહીં, તે અનેક પ્રકારના વિષ, ખાદ્ય પદાર્થ ખવડાવી રહી છે, પીવડાવી રહી છે. આધુનિક માતાપિતા પણ ખૂબ પ્રેમથી પોતાના કનૈયાને વિષ ખાતો ગૌરવથી જોઈ રહ્યાં છે. બહુરાષ્ટ્રીય કંપનીઓની જાહેરાત અને પ્રસાર જોઈ મોહિત થયેલાં માબાપ પોતાના હાથથી પોતાનાં કૃષ્ણ, બલરામ, લવ, કુશ, પ્રહલાદ, ધ્રુવ, સીતા, સાધાને ઝેરીલા પદાર્થો ખવડાવી રહ્યાં છે.

મા-બાપોના ધ્યાનમાં એ વાત નથી આવતી કે આ બધું 'જંક' છે. એમાં પોષણયુક્ત કશું જ નથી કેવળ ખોખલાપણું છે. આવું ખાઈને બાળકોમાં બળ નિર્માણ થવાના બદલે દુર્બળતા જ વધશે. જે રોગ પચાસ-સાઠ વર્ષના થયા પછી થતાં હતા તે બધા કિશોર અને યુવાવસ્થામાં બાળકોને ગ્રસ્ત કરશે એ વાત બિલકુલ ધ્યાનમાં આવતી નથી.

વાલીઓની બેઠકમાં હસી-મજાકમાં હું ઘણીવાર પ્રશ્ન પૂછું છું - માની લો કે આપના ઘરે એક સાથે બે મહેમાન આવ્યા. બાળકે માટે ઘરમાં બનાવેલી ખાદ્યવસ્તુ લાવ્યા. અને બીજા કેડબરી. તો આપની દૃષ્ટિએ 'વી.આઈ.પી.' મહેમાન કોણ? ખૂબ ઈમાનદારી પૂર્વક વાલી જવાબ આપે છે - 'કેડબરી લાવનાર મહેમાન!' આપનો ઉત્તર એ જ છે ને ?

મહાત્મા વિદુરે કહ્યું છે -

એષં વિષ રસો હન્તિ, શસ્ત્રણૈકણ્ય બધ્યતે ।
સરાષ્ટ્રં સપ્રજં હન્તિ, રાજાનં મંત્ર વિપ્લવઃ ॥

વિષ ખવડાવીને એક વ્યક્તિને મારી શકાય છે. શસ્ત્રના પ્રયોગ દ્વારા પણ એક વધુ પ્રજાપાલક મરી શકે છે. પરંતુ બુદ્ધિભ્રમ પેદા કર્યો તો રાષ્ટ્ર, પ્રજા અને પ્રજાપાલક બધાંનો નાશ થઈ શકે.

મહાત્મા વિદુરના આ શબ્દોનો આજે પળેપળ અનુભવ થઈ રહ્યો છે. સમાજમાં મોટા વર્ગની મતિ ભ્રષ્ટ થઈ ગઈ છે. વૈચારિક ભ્રમને કારણે વિનાશ અનિવાર્ય છે. પોતાનું હિત-અહિત કઈ વાતમાં છે. એની ખબર જ નથી. ખૂબ ગર્વથી લોકો કહે છે કે તેઓ વિજ્ઞાનયુગમાં રહે છે, પરંતુ વ્યવહાર વિપરીત જોવા મળે છે. અતીતની દરેક વાત વિશે આશંકા એન પ્રશ્નો ઊભા કરવા અને પશ્ચિમની પ્રત્યેક વાત પૂછતાછ કર્યા વિના સ્વીકારી લેવી એવી માનસિકતા બની છે.

આજની પૂતના માસી ખૂબ જ સામર્થ્યવાન છે. એની આર્થિક શક્તિ એટલી વધારે છે કે નાના નાના દેશોના વાર્ષિક બજેટ પણ એની સામે વામણાં લાગે. એમની જાહેરાતો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જાહેરાતનાં જોરે સામાન્ય વસ્તુ પણ અસામાન્ય દેખાય છે. આજે જાહેરાતને આધારે વિષ પણ લોકોનાં ગળે ઉતારવું મુશ્કેલ નથી રહ્યું. ઈ.સ. ૨૦૧૦માં નેસ્લે કંપનીનો પોતાના ઉત્પાદકોની જાહેરાત પર ખર્ચ રૂા. ૩૦૨ કરોડ હતો. ઈ.સ. ૨૦૧૪માં આ કંપનીએ જાહેરાત પર રૂા. ૪૪૫ કરોડોનો ખર્ચ કર્યો હતો. પેપ્સી, પિઝા, બર્ગર, મેગી વગેરે પ્રત્યેક લોકોનાં મનમાં આકર્ષણ વધારવા માટે જે નુસખા અપનાવવામાં આવે છે. એની કલ્પના પણ સામાન્ય વ્યક્તિને નથી હોતી.

આપણો ભારત દેશ અમેરિકા અને યુરોપિયન દેશોને જે વસ્તુઓ નથી જોઈતી તે વસ્તુઓ ફેંકવાની કચરાપેટી બની ગયો છે. કેટલીય દવાઓ એવી છે કે જે અનેક દેશોમાં વેચી શકાતી નથી. તે બધી ખૂબ સરળતાથી ભારતમાં વેંચવામાં આવે છે. ટેકનિક જૂની થઈ, સ્ક્રેચ થયો તો વેચી દો. ભારતને તે બધા દેશો પોતાના દેશના લોકોનાં સ્વાસ્થ્ય વિશે ખૂબ સતર્ક અને સાવધાન હોય છે, પરંતુ ભારતના લોકોનાં જીવનને હાનિ પહોંચાડવામાં એમણે સહેજ પણ દુઃખ નથી થતું.

શ્રીકૃષ્ણના સમયમાં પૂતના એક હતી અને શ્રીકષ્ણમાં પૂતનાને ઓળખખવાની ક્ષમતા હતી. આજે પૂતના અનેક છે તેનાં વિવિધ રુપો છે અને ઘર-ઘરમાં પોતાનો અડ્ડો જમાવી બેઠી છે.

આજે સ્વયં યશોદાઓ જ પોતાના બાલકૃષ્ણને પૂતનાઓને સોંપી રહી હોય ત્યારે આજના બાલકૃષ્ણ શું કરે?